**રે.દિ.મુ.નં.પર/૨૦૧૬**

**આંક–પ લગત હુકમ**

(૧) દાવા અરજી તથા પ્રતિવાદીઓનો જવાબ તેમજ રજુ થયેલ સાધનીક કાગળો વંચાણે લીધા. બન્ને પક્ષની લેખીત દલીલ વંચાણે લીધી.

(૨) આ કામે વાદીએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ખેતીની જમીનમા પોતાનો હકક, હીસ્સો ઠરાવી કબજો સોંપી આપવા દાવો દાખલ કરેલ છે. અને સદર દાવાના કામે દાવો ચાલતા સુધીમાં વચગાળનો મનાઈહુકમ મેમળવવા હાલની અરજી રજુ કરેલ છે. અરજીની ટુંકમાં હકીકત જોતા આ કામના પ્રતિવાદી નં.૧ તથા ૨ વાદીના કુટુંબી સગા છે અને પ્રતિવાદી નં.૩ વાદીના પિતાની બીજી પત્ની છે. વાદી પોતે પરિણિત છે અને હાલમા પોતાની સાસરીમા રહેલ છે. તેણીના પિતાનુ અવશાન તા.૧૧/૧૨/૧૫ ના રોજ થયેલ છે જેથી હીન્દુ કાયદા મુજબ તેણીએ તેના ગુજરનાર પિતા દેવજીભાઈ જીવાભાઈ ચંદવાણીયાની સંયુત ખાતા નં.૧૭ વાળી ખેતીની જમીન કે જે માંગરોળ તાલુકાના મકતુપુર ગામે આવેલી છે તેમા પોતાનો હીસ્સો રહેલો છે અને તે મુજબ તેણીને હકક, હીસ્સો ઠરાવી કબજો સોંપવા દાદ માંગતો દાવો વાદીએ કરેલ છે. અને સદર દાવો ચાલતા દરમ્યાન પ્રતિવાદીઓ વાદગ્રસ્ત ખેતીની જમીન પોતે અથવા પોતાના માણસો, નોકરો, એજન્ટો ધ્વારા વેંચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે વ્યવસ્થા કરે નહીં કે જમીનના ટાઈટલમા ફેરફાર કરાવે નહીં તેવી મનાઈહુકમ માંગતી અરજી કરેલ છે. વધુમાં વાદીને વાદગ્રસ્ત જમીનમા સહ ભોગવટો કરતા પ્રતિવાદીઓ કોઈપણ રીતે અડચણ, અવરોધ, અટકાયત કરે કરાવે નહીં તેવો મનાઈહુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૩) સદર અરજી સબંધે પ્રતિવાદીઓને નોટીસની બજવણી થતા પ્રતિવાદી નં.૧ તથા ૨ નાએ હાજર થઈ આંક–૧૬ થી તેમનો લેખીત વાંધા જવાબ રજુ કરેલ છે. જેમા તેમણે જણાવ્યા મુજબ વાદીનો હાલનો દાવો કે હાલની અરજી કરવાનો કોઈ હકક કે અધિકાર નથી. વાદી ગુજરનાર દેવજીભાઈ જીવાભાઈની પુત્રી થતી નથી. તેમજ તેણી ખોટી રીતે દેવજીભાઈની પુત્રી હોવાની હકીકત ઉભી કરી ગેરકાયદેસર રીતે પ્રતિવાદીની મીલ્કત પડાવી લેવા માંગે છે તેવી રજુઆત કરેલ છે. અને તેથી વાદીની અરજી ખર્ચ સહ રદ કરવા વિનંતી કરેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદી નં.૩ ને નોટીસન બજવણી થયેલ હોવા

છતાં તેઓ હાજર થયેલા ન હોય તેમની વિરૂધ્ધ કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) વાદી તરફે રજુ થયેલ ઉપરોકત પ્લીડીંગસને ધ્યાને લેતા સદર અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમા છે ?

૩. શું વાદીને માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન વાદીને થાય તેમ છે?

૪. શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા જવાબો નીચે મુજબ છે.

૧. હકારમાં,

૨. હકારમાં,

૩. હકારમાં,

૪. આખરી હુકમ મુજબ.

(૬) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>મુદા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા</u> :–**

ઉપરોકત મુદાઓ લગત હકિકતોનું પુનરાવર્તન ટાળવાનાં હેતુથી આ મુદાઓની સંયુકત ચર્ચા અત્રેની કોર્ટ ધ્વારા હાથ ધરવામાં આવેલ છે.

(૭) અરજીની હકીકત તથા પ્રતિવાદીઓનો જવાબ, રજુ થયેલ સાધનીક કાગળો તેમજ બન્ને પક્ષે થયેલ લેખીત દલીલો આંક–ર૯ અને આંક–૩૩ ની વંચાણે લીધી. બન્ને પક્ષની રજુઆત જોતા વાદીના કથન મુજબ તેણી વાદગ્રસ્ત મીલ્કતની સહ માલીક છે અને તે હેસીયતથી અથવા વિકલ્પે ગુજરનર દેવજીભાઈ જીવાભાઈના સીધી લીટીના

વારસદાર તરીકે તેણીએ વાદગ્રસ્ત મીલ્કતમાનો હીસ્સો મેળવવાદાવો કરેલ હોવાનુ જણાવવામા આવેલ છે. અને ચાલુ દાવા દરમ્યાન જો પ્રતિવાદીઓ વાદગ્રસ્ત મીલ્કત(ખેતીની જમીન)નો નિકાલ કરે અથવા તેના ટાઈટલમા કોઈ ફેરફાર કરી નાખે તો તેમજ જો વાદી દાવામા સફળ થાય અને તેણીનો હીસ્સો વહેંચણી કરી કબજો મેળવવાની જરૂર પડે ત્યારે મલ્ટી પ્રોસીડીંગ્સ થવાનો સંભવ રહે છે અને તેથી હાલના તબકકે પ્રતિવાદીઓ વિરૂધ્ધ મનાઈહુકમ ફરમાવવાની જરૂરીયાત હોવાનુ વાદી જણાવે છે. સામા પક્ષે પ્રતિવાદીઓના કથન મુજબ વાદીનો વાદગ્રસ્ત જમીન પર કોઈ હકક, હીસ્સો સમાયેલો નથી તેમજ વાદીએ ખોટી હકીકતો જણાવી દાવો દાખલ કરેલ છે. વધુમાં વાદી ચોખ્ના હાથે આવેલા નથી જેથી મનાઈહુકમ આપવો જોઈએ નહીં તેવુ જણાવેલ છે. રજુ થયેલ સાધનીક કાગળો વંચાણે લઈએ તો મોજે મકતુપુર તાલુકો માંગરોળના રેવન્યુ ખાતા નં.૧૭ ની કુલ હે.આરે.૩–૭૬–૩૬ ચો.મી. જમીન આ કામના ત્રણેય પ્રતિવાદીઓ તથા વાદીના સંયુકત નામે ચાલતી હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાય છે. અને તે રીતે વાદી તથા પ્રતિવાદીઓ વાદગ્રસ્ત ખેતીની મીનના સહ માલીકો છે. વાદીના દાવાની વિષય વસ્તુ જોતા સંયુકત મીલ્કતની વહેંચણી કરી વાદીનો હકક ઠરાવી હદમે હદથી કબજો સોંપવા દાદની માંગણી કરેલ છે. જો વાદી દાવામા સફળ થાય તો તે સંજોગોમા રજુ થયેલ સાધનીક કાગળો આધારે વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાય છે. આ ઉપરાંત દાવાના આખરી નીકાલ થતા સુધીમા જો પ્રતિવાદીઓ વાદગ્રસ્ત જમીન પૈકીની કોઈ જમીનનો વેંચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે નિકાલ કરે અથવા અન્ય કોઈ વ્યવસ્થા કરે, તેના ટાઈટલમા ફેરફાર કરે અથવા કોઈ નવુ હીત ઉભુ કરે તો મલ્ટી પ્રોસીડીંગ્સ ઉભા થાય અને નવા લીટીગેશનો થવાની શકયતા નકારી શકાય નહીં. અને તે માટે વાદીએ નવા દાવા દુવી કરવા પડે તે સંજોગો ધ્યાને લેતા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં હોવાનુ જણાય છે. તેમજ હાલના તબકકે મનાઈહુકમ ન આપવામા આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાની શકયતા પણ પ્રથમદર્શનીય રીતે જણાય છે. આ તમામ સંજોગોમાં વાદીને માગ્યા મુજબનો મનાઈહુકમ ફરમાવવાનુ ન્યાયોચીત જણાય છે. અને વાદીની માંગણી મુજબ તેણીને વાદગ્રસ્ત જમીનમા ભોગવટો કરતા પ્રતિવાદીઓ અટકાવે નહીં તેવો મનાઈહુકમ ફરમાવી જે દાદ માંગેલ છે તે બાબતે જોતા હાલ સ્થળ ઉપર વાદીનો કબજો ભોગવટો છે કે કેમ ?તે પુરાવો નોંધ્યા સિવાય નકકી થઈ શકે તેમ નથી તે સંજોગોમાં મનાઈહુકમ ફરમાવી અને ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) વાદીની આંક–૫ ની અરજી આથી અંશતઃમંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીઓએ માંગરોળ તાલુકાના મોજે મકતુપુર ગામની ખેડ ખાતા નંબર : ૧૭ વાળી રેવન્યુ સર્વે નંબર :૧૪૫/૨, ૧૮૪, ૨૫૯, ૨૬૯, ૪૫૨/૩ તથા ૭૧૩/૨ પૈકી–૧ વાળી કુલ ક્ષેત્રફળ હે.આરે ૩–૭૬–૩૬ ચો.મી. વાળી જમીન દાવાનો આખરી નિકાલ થતા સુધી અથવા અન્ય કોઈ હુકમ થતા સુધી પોતે જાતે અથવા પોતાના નોકરો, એજન્ટો મારફતે અન્ય કોઈપણ વ્યકિતને વેંચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરવી–કરાવવી નહીં કે તેના ટાઈટલમાં ફેરફાર કરવો નહીં તેવો વચગાળાનો મનાઈહુકમ ફરમાવવામા આવે છે.

(૩) આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

ઉપર મુજબનો હુકમ આજરોજ તા.૩ જી માહે જુલાઈ,સને–૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ :– માંગરોળ.

તારીખઃ ૩–૭–૨૦૧૮.

(હર્ષદકુમાર અંબાલાલ પંડયા)
એડીશનલ સિવિલ જજ
માંગરોળ.
**JUDGE CODE NO.GJ-01203**